# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા ખાતે ટ્રાન્સફરઓફ ટેકનોલોજી અંતર્ગત " મકાઇ સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી.

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા ખાતે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ તા.૧૫/૦૭/૧૯ના રોજ "મકાઇ સપ્તાહ"ની ઉજવણી કરાઇ હતી. ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા અને પર્યાવરણ અંગે જાગૃત કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજનામાં આદિવાસી વિસ્તારના ખેડુતોને ખેત ઉપયોગી ઇનપુટ આપવાની જોગવાઇ અંતર્ગત મકાઇમાં હાઇબ્રીડ મકાઇનુ વાવેતર કરી વધુ ઉત્પાદન કેવી રીતે લેવુ તે બાબતની તાલીમમાં અંદાજીત ૭૦ ખેડૂત ભાઇઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ડૉ.એમ.બી.પટેલ, યુનિટ હેડ અને સંશોધન વૈજ્ઞાનિક (મકાઇ),મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરાએ મકાઇની જાતો અંગેની ઉંડાણપૂર્વક માહિતી સમજાવી હતી અને મૂલ્ય વર્ધિત જાતો વાવવા માટે ભાર મૂકયો હતો. અને પીળી મકાઇ વાવવા અંગે ભાર મૂકયો હતો. શ્રી કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરાએ મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ માટેની તાંત્રિકતાઓ વિગતવાર સમજાવેલ હતી અને બે ફૂટના ગાળે મકાઇ વાવવા માટે ભાર મૂકયો હતો તથા પાકને નિંદામણ મુકત રાખવા જણાવેલ હતું. શ્રી વી.જે પટેલ,સીનીયરરીસર્ચ આસીસ્ટંટ એ બાયોફર્ટીલાઇઝરનો ઉપયોગ કરી, રાસાયણિક ખાતરની બચત કરી ખેતી ખર્ચ ઘટાડવા અનુરોધ કરેલ હતો. અને સોઇલ હેલ્થ કાર્ડની અગત્યતા સમજાવી હતી.

ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) એ પર્યાવરણ બચાવવા માટે ઇ વિસ્તરણ પધ્ધતિનો ઉપયોગ કરી મકાઇની વૈજ્ઞાનિક ખેતીની માહિતી મેળવવાના અલગ અલગ સ્તોત્રોની માહિતી આપી હતી અને પ્રથમ હરોળના નિદર્શનના હેતુ, પાયાની બાબતો, અમલ, ફાયદા, ધ્યાનમાં રાખવાની બાબતો અને મકાઇની ટેકાનોલોજી અંગેની માહિતી આપી હતી તેમણે આ સપ્તાહ દરમિયાન ખેડુતોને મોબાઇલ દ્વારા મકાઇની વૈજ્ઞાનિક ખેતીની માહિતી આપી હતી.

